# પરિપત્ર નંબર ૦૩ સને ૨૦૨૬

આથી વડોદરા જિલ્લાની તમામ અદાલતોના ન્યાયિક અધિકારીશ્રીઓ તથા રજીસ્ટ્રારશ્રી/નાઝરશ્રીઓને આ પરિપત્ર દ્વારા સૂચના આપવામાં આવે છે કે, ગુજરાતની નામદાર વડી અદાલત દ્વારા સમયાંતરે આપવામાં આવતી માર્ગદર્શક સૂચનાઓ અને હુકમોના અનુસંધાને, ન્યાયિક અધિકારીશ્રીઓની બદલી/ બઢતીના પ્રસંગો ઉપસ્થિત થાય છે, ત્યારે અદાલતી તથા વહીવટી કામગીરી સુચારુ રૂપે ચાલે તે અર્થે જે તે અધિકારીશ્રીને અત્રેની કચેરી તરફથી ચાર્જ છોડવાની વિધિવત પરવાનગી મળ્યા બાદ જ તે અદાલતની પડતર ન્યાયિક તથા વહીવટી કામગીરીનો સંપૂર્ણ ચાર્જ નિયમાનુસાર અન્ય ન્યાયિક અધિકારીશ્રીને સોંપવામાં આવે છે. આ રીતે ચાર્જ સોંપણી બાદ, જે તે બંધ થતી અદાલતનું અસ્તિત્વ તથા તેનું મહેકમ ગુજરાતની નામદાર વડી અદાલતની વખતોવખતની સૂચનાઓ મુજબ વધુમાં વધુ દિન–૭ સુધી જ અસ્તિત્વમાં રહે છે. ત્યારબાદ સદર બંધ થનાર અદાલતનું મહેકમ અસ્તિત્વમાં રહેતું નથી.

આમ, આ સંજોગોમાં એવી સુચના પરિપત્રિત કરવામાં આવે છે કે, આવા પ્રસંગે જે તે મથકની બંધ થયેલ અદાલતના જે કોઈ અદાલતી કે વહીવટી પ્રશ્નો, રજૂઆતો કે કાર્યવાહી ઉપસ્થિત થાય, તે તમામ બાબતો અંગે જરૂરી નિર્ણય અને કાર્યવાહી જે તે મથકની કચેરીના મુખ્ય ન્યાયિક અધિકારીશ્રી (Chief Judicial Magistrate / Principal Judicial Officer) દ્વારા જ કરવાની રહેશે. પરંતુ, બંધ થનાર કોર્ટની પડતર કામગીરી, જેવી કે કેસો ટ્રાન્સફર કરવા, ફેસલ થયેલ તમામ કેસોનું કલાસીફીકેશન કરી તેને રેકર્ડ શાખામાં જમા કરાવવાની સંપૂર્ણ અને આખરી જવાબદારી જે તે બંધ થનાર કોર્ટના કર્મચારીશ્રીઓની રહેશે તેમજ કર્મચારીશ્રીઓએ દિન–૭ ની સમયમર્યાદામાં આ તમામ કામગીરી પૂર્ણ કરી તેનો અહેવાલ અત્રેની કચેરીને સુપ્રત કરવાનો રહેશે.

વધુમા, કોઈ ખાસ પ્રકારની કામગીરી કે ચોક્કસ કેસોના નિકાલ અર્થે અત્રેની કચેરી તરફથી જો અગાઉ કોઈ વિશેષ આદેશ કે હુકમ કરવામાં આવેલ હોય, તો તેની અસર અને અમલવારી યથાવત રહેશે.

**ઉપરોક્ત સૂચનાઓની તમામે સ્પષ્ટ નોંધ લઇ સમયમર્યાદામાં અને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

સહી/–

જીલ્લા ન્યાયાલય, વડોદરા
તા.૨૨/૦૭/૨૦૨૬

(વી.કે.પાઠક)
મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
વડોદરા.

**નકલ સવિનય રવાના અને અમલવારી અર્થે:**

૧. જીલ્લા ન્યાયાલય, વડોદરાના તાબા હેઠળના તમામ ન્યાયિક અધિકારીશ્રીઓ તથા તાબાના તમામ તાલુકા મથકો (જાણ તથા અમલવારી અર્થે).

૨. કોમ્પ્યુટર શાખા (વેબસાઈટ પર મૂકવા અર્થે)

૩. જીલ્લા ન્યાયાલય, વડોદરાની તમામ શાખાઓ

**હુકમથી,**

**રજીસ્ટ્રાર,**
**જીલ્લા ન્યાયાલય,**
**વડોદરા.**